# શહેર-જિલ્લામાં નવા ૩૧ કેસ

## વાત ગાંધીનગરની

વરસાદની આગાહીઓની વચ્ચે બફારામાં મંગળવાર પસાર થયો. કોરોના સંક્રમણનો ભય અને આજીવિકા માટે કાર્યરત એ રહેવાનું કર્તવ્ય શહેરના બજારોમાં મુંઝવણનો માહોલ સર્જ્યો છે.

**''...કંઈક નવુ કરો નવું...''**

રાજ્યના મહેસુલમંત્રી અને ગાંધીનગરના પ્રભારી મંત્રી કૌશિકભાઈ પટેલે રાજ્યના પાટનગર ગાંધીનગરમાં મનપાના પદાધિકારીઓ અને અધિકારીઓને શિખામણ આપતાં કહ્યું હતું કે હળીમળીને કામ કરો અને પાટનગરને શોભે 'એવું કંઈક નવું કરો'... જેથી તમારો વટ પડે અને પક્ષનો પણ..!

**માનો ન માનો ચૂંટણી વહેલી આવશે**

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી તેના નિયત સમય કરતાં વહેલી આવવાની ઉજળી શક્યતાઓ દેખાઈ રહી છે. સામાન્યતઃ વર્તમાન બોર્ડની મુદત એપ્રિલ-૨૦૨૧માં પુરી થાય છે, પણ જે રીતે છેલ્લા એક મહિનાથી ગતિવિધિઓ ચાલી રહી છે તેનાથી એવું ચોક્કસ માની શકાય કે મહાનગર પાલિકાની ચૂંટણી નવેમ્બર કે ડિસેમ્બરમાં જ યોજાશે. કોંગ્રેસ પણ ઉંઘતી ઝડપાય અને ભાજપના કેટલાક વાતોડીયા નેતાઓ..!

**પાડાના વાંકે પખાલીને ડામ**

આજકાલ કોરોના સંક્રમણ વધવાને પગલે ચાની લારીઓ અને પાનના ગલ્લા ટાર્ગેટ બની રહ્યા છે. જાહેરમાં થુંકનારને ૫૦૦ રૂ.નો દંડ તો નિયત કરાયો છે, પરંતુ કોઈ ગલ્લાની આસપાસ કોઈ થુંકશે તો તે ગલ્લાવાળાને રૂ. ૧૦૦૦૦ નો દંડ ફટકારાશે. છેલ્લા દોઢ દિવસથી સંખ્યાબંધ ગલ્લાઓ સ્વેચ્છાએ બંધ થઈ રહ્યા છે. તેમની વાત એવી છે કે થુંકે કોક અને દંડ અમને. ૧૦૦૦૦ નો તો અમારો ધંધો પણ નથી હોતો તો દંડ કેવી રીતે ભરીએ..?! આ તો ગલ્લા બંધ કરાવવાની એક ચાલ છે.

**અંબારામ પટેલની આગાહી**

વરસાદની આગાહીમાં માહિર એવા ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ પટેલે તા. ૧૫, ૧૬, ૧૭ દરમિયાન ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. સૌરાષ્ટ્રમાં દક્ષિણ ગુજરાત કરતાં પણ વધુ વરસાદ પડ્યો છે પરંતુ ઉત્તર ગુજરાત અને એમાંય ગાંધીનગરમાં વરસાદ મન મુકીને વરસ્યો નથી એટલે મેઘરાજાની કાડગોળે રાહ જોવાઈ રહી છે.

**મંત્રી નિવાસ વિસ્તારમાં ગુરૂપૂર્ણિમા ઉજવાઈ**

શહેરના પાદરે એટલે કે નદી કિનારે મંત્રી નિવાસ વિસ્તારમાં કોમ્યુનિટી સેન્ટર ખાતે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા ગુરૂપૂર્ણિમા ઉત્સવની ઉજવણી કરાઈ હતી જેમાં ગુરૂપૂજન, પ્રાસંગિક બોધ અને ગુરૂ દક્ષિણાના કાર્યક્રમો યોજાયા હતા. તમામ મંત્રીઓ અને ભાજપના પદાધિકારીઓ શિસ્ત અને ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

**મંગળવારે ડઝન ધારાસભ્યો આવ્યા...**

મંગળવાર એટલે ધારાસભ્યો અને સંસદ સભ્યોનો દિવસ. સચિવાલયમાં મુખ્યમંત્રી, મંત્રીઓ અને સચિવો સમક્ષ પોતાના વિસ્તારની રજુઆત કરવા આ વખતે છ સાંસદસભ્યો અને એક ડઝન ધારાસભ્યો ઉમટ્યા હતા. જો કે હજુ રાજકીય કાર્યકરોના ટોળાની ખોટ વર્તાય છે.

**અર્ક આજનો...**

સહનશીલતા એ સ્વભાવ નહી સંસ્કાર છે, ત્રાજવું વજન માપી શકે છે ગુણવત્તા નહી...

## ગ્રામ્યમાં વધુ ૧૯ દર્દીઓ

**સારવાર દરમિયાન વધુ ૨ દર્દીઓના મોત : ગાંધીનગર તાલુકામાં ૩, માણસામાં ૩, દહેગામમાં ૧ તથા કલોલમાં ૧૨ કેસ**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૧૯ કેસ પોઝીટીવ મળી આવ્યા છે. આજે સારવાર દરમિયાન વધુ ૨ દર્દીના મોત થયા છે.

જિલ્લામાં વધતા જતા મૃત્યુદરથી ચિંતીત બનેલ તંત્રએ હવે તેનુ ધ્યાન સઘન સર્વેલન્સ પર વધુ કેન્દ્રીત કર્યુ છે જેથી સમયસર નિદાન અને સારવારથી આ દર ઊંચો જતો અટકાવી શકાય.

મૂળ વાસનના અને પેથાપુર ખાતે રહેતા એક પુરૂષ દર્દીનું તેમજ અન્ય એક દર્દીનું અવસાન થયુ છે. આ સાથે જિલ્લામાં સારવાર દરમિયાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૫૭ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આજે ગાંધીનગર ખાતે ૩, દહેગામ ખાતે ૧, માણસામાં ૩ અને કલોલમાં ૧૨ કેસ નોંધાયા છે. કલોલમાં કોરોનાનો કહેર વધી રહ્યો છે.

કલોલમાં ગ્રામ્યવિસ્તારો નાદરી, ઈસંડ, લીમ્બોદ્રા, બોરીસણા, સાંતેજ ઉપરાંત રકનપુર, પાનસરમાંથી કેસો મળ્યા છે. કલોલ અર્બન વિસ્તારમાંથી પણ ૪ કેસ મળી આવ્યા છે. આ દર્દીઓને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાંથી ૩ કેસ મળી આવ્યા છે. સુઘડ, ઝુંડાલ અને અડાલજ ગામેથી આ કેસ મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે કડીયાકામ કરી રોજગારી મેળવતા સુઘડના એક ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી પોઝીટીવ દર્દીના સંપર્કમાં આવ્યો હોવાનું મનાઈ રહ્યુ છે.

ઝુંડાલમાંથી એક ૫૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઝુંડાલમાંથી પણ કેસોની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં વધુ ૧૨ કેસ મળ્યા

**જીઈબીમાંથી ૨, સે. ૫ માંથી ૨, સે. ૧૩ માંથી ૨ તો સે. ૨૨, ૩૦, ૨૧ અને ૨-ડી તથા સે. ૧ માં ૧-૧ કેસ મળ્યા : સારવાર દરમિયાન વધુ ૧નું મોત થતાં મૃત્યુઆંક નવ થયો**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોના પોઝીટીવના ૧૨ કેસ મળી આવતાં તંત્ર સતત દોડતુ રહ્યુ હતુ. સારવાર દરમિયાન વધુ ૧ મહિલા દર્દીનું મોત થયુ હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં કોરોનાની સારવાર દરમિયાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા નવ પર પહોંચી છે. શહેરમાં કોરોનાના નોંધાયેલ દર્દીઓની સંખ્યા ૩૧૮ થઈ છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૪ મહિલા દર્દીઓ મળી છે. તંત્રની ચિંતા મહિલા દર્દીઓની સંખ્યામાં થઈ રહેલ વધારાને લઈ વધી છે. આ ઉપરાંત છેલ્લા બે દિવસમાં બે દર્દીના મોત થતાં પણ તંત્રમાં શોકનું વાતાવરણ જોવા મળી રહ્યુ હતુ.

શહેરમાં જે ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે. આ માટે લોકોમાં સતર્કતા વધે અને જાગૃતિ વધે તે માટે અભિયાન છેડવાની વ્યુહરચના પણ હાથ ધરવાનો નિર્ણય લીધો હોવાનુ જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં જી.ઈ.બી. કોલોની વિસ્તારમાંથી આજે વધુ એક કેસ મળ્યો છે. યુ.જી.વી.સી.એલ. કંપનીમાં ક્લાર્ક તરીકે નોકરી કરતી એક ૩૦ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટવ આવ્યો છે.

આ મહિલા દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે અને તેના પરિવારની એક વ્યક્તીને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

એસ.આર.પી. કેમ્પસમાં રહેતા અને અમદાવાદ ખાતે શિક્ષક તરીકે નોકરી કરતા એક

● અનુસંધાન પાન-૭ પર



દર વખતની જેમ આ વર્ષે પણ વરસાદ શહેરીજનોને ખૂબ રાહ દેખાડી રહ્યો છે. વરસાદી વાદળો આવે છે અને જાય છે પરંતુ ધોધમાર કહી શકાય એવો વરસાદ પડતો નથી. જરાક છાંટા પડીને વરસાદ થંભી જતા બફારો અને ઉકળાટ વધતા જાય છે. ભયંકર બફારાના કારણે શહેરીજનો ખૂબ જ ત્રાસી ગયા છે. હજુ પણ એ.સી. અને કૂલર ફુલસ્પીડે ચલાવવા પડે છે.

## પ્રભારી મંત્રીની હાજરીમાં સમન્વય બેઠકમાં ગતિશીલ તંત્રનો સંદેશો અપાયો

**સંવાદ એ શ્રેષ્ઠ વિકલ્પ છે : મતભેદ હોય પણ તેનો ઉકેલ સંવાદ છે બન્ને પાંખો વચ્ચે નિયમિત અને સમયાંતરે સંવાદ થવો જ જોઈએ : પ્રભારી મંત્રી**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટાયેલી પાંખના આગેવાનો અને વહીવટીય પાંખ સાથે આજે પ્રભારી મંત્રી કૌશિક પટેલના અધ્યક્ષપદે યોજાયેલ સમન્વય બેઠકમાં સૌની પાસે મંત્રીએ એકતાનો એકડો લખાવી તે ઘૂંટવાની શીખ સાથે વહીવટતંત્રને ગતિશીલ બનાવવામાં આવે તેના પર ભાર મુક્યો હતો.

સંકલન સમિતિમાં આ બે પાંખ વચ્ચેનો જે ગજગ્રાહ જોવા મળ્યો હતો તેના બદલે આજની બેઠકમાં વાતાવરણ સાવ અલગ જ હતુ. એક કલાકથી પણ વધુ સમય સુધી ચાલેલી આ બેઠકમાં પ્રભારી મંત્રીએ બન્ને બાજુ ટપાર્યા હતા અને તંત્રની ગતિશીલતા મહત્વનું હોવાનું જણાવ્યુ હતુ.

મનપાની હદ વધારાના નિર્ણય પછી તંત્રની ઉદાસીનતા અંગે તેમણે નારાજગી વ્યક્ત કરી હતી તેમજ સરકારે જે માર્ગદર્શક સૂચનાઓ આપી છે તેની અમલવારી કરવા જણાવ્યુ હતુ.

આ બેઠકમાં સભ્યોની મળતી રજુઆતો પછી તંત્ર દ્વારા તેના પ્રત્યુત્તર પાઠવવામાં આવતી ઉદાસીનતા અંગે પ્રભારી મંત્રીએ ગંભીર નોંધ લીધી હતી.

છ-છ મહિના પછી પણ સભ્યોને ફાળવવામાં આવતી ગ્રાન્ટ અંગે સૂચવાયેલા કામો ઝડપથી હાથ ધરવામાં આવે તેવો પણ આગ્રહ તેમણે કર્યો હતો. જો કે આ બેઠકમાં બન્ને પક્ષો વચ્ચેના

● અનુસંધાન પાન-૭ પર

## ગુડાના રાયસણ સ્થિત આવાસોમાં માળખાગત સુવિધાના નામે મીંડુ

**લીફ્ટ બંધ, પાણી આવતુ નથી, કચરો ઉઠાવાતો નથી : સિક્યુરીટી ગાયબ : સ્થાનિક રહીશોમાં આક્રોશ**

ગાંધીનગર તા ૧૪

ગુડા દ્વારા નિર્મિત આવાસ યોજનામાં રહેતા નાગરિકો હાલ દયાજનક સ્થિતિમાં મુકાયા છે. ગુડાના આવાસોની જાળવણી થતી નથી હાલ આ આવાસોને અનુલક્ષી સિક્યુરીટી ગાયબ છે જયારે આવાસોમાંથી કચરો પણ એકત્રિત કરાતો નથી એટલુ જ નહીં પરંતુ આવાસોમાં પાણી પણ આવતુ ન હોવાની ફરિયાદો સાથે સ્થાનિકોમાં પ્રબળ રોષ પ્રવર્તયો છે. આ મામલે સ્થાનિક રહીશો ગુડાના તંત્ર સમક્ષ રજુઆત કરવાના છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં પ્રથમ તબક્કામાં રાયસણ, અડાલજ અને ચિલોડા ખાતે એલ આઈ જી આવાસોનુ નિર્માણ કરવામાં આવ્ય હતુ. જયારે આ આવાસોમાં હાલ જરૂરિયાતમંદ પરિવારજનોનો વસવાટ પણ છે. જયારે ગુડાએ આ મકાનોની ચાવી લાભાર્થીઓને સુપ્રત કરી ત્યારે આવાસોની જાળવણી તેમજ સિક્યુરીટી , લીફટ અને સફાઈ સહીતની જવાબદારી પણ સ્વીકારી હતી જયારે અત્યાર સુધી એજન્સી મારફતે આ કામ કરવામાં આવતુ હતુ જો કે આ મામલે અનેકવાર સ્થાનિક રહીશો દ્વારા અસંતોષ પણ વ્યકત કરવામાં આવતો હતો. આવાસની લીફટ બંધ થાય તો પણ લાંબા સમય સુધી ચાલુ થતી ન હતી જયારે આવાસોના ધાબે સ્થિત પાણીની ટાંકીમાંથી સતત પાણી ટપકતુ હોવાના લીધે મકાનોમાં ભેજ આવવાની સાથે પાણીનો બગાડ થતો હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી હતી બીજીતરફ કચરો એકત્રિત કરવાની યોજના પણ પડી ભાંગી છે. ગુડાના આવાસ યોજના નજીક જ કચરાના ઢગ જામ્યા છે. ગુડા વિસ્તારમાં હજુ પણ નવા આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવ્યુ છે ત્યારે જુના આવાસોમાં રહેતા રહીશો માળખાગત સુવિધાના અભાવ વચ્ચે મુંઝવણ અનુભવી રહ્યા છે.

ગુડાના રાયસણ સ્થિત આવાસોમાં રહેતા રહીશોએ આજે આ મામલે હોબાળો મચાવ્યો હતો ગુડાના આ મકાનોમાં છેલ્લા કેટલાક દિવસથી પાણીની પોકાર ઉઠળા પામી છે. જયારે કચરો એકત્રિત કરવાની વ્યવસ્થા પણ પડી ભાંગી છે. બીજીતરફ સિક્યુરીટીનો પહેરો પણ ઉઠાવી લેવાયો છે ત્યારે ગુડાના આવાસો સંદર્ભે નિયત થયેલી વ્યવસ્થાના નામે હવે મીંડુ ચિતરાયેલુ છે. જેના લીધે સ્થાનિકોએ ડગલે ને પગલે હાલાકી વેઠી રહ્યા છે. સ્થાનિકો આ મામલે એકજુથ થઈને ગુડાના તંત્ર સમક્ષ ઉગ્ર રજુઆત કરશે.

## ગ-માર્ગને સિકસલેન કરવાની યોજના અન્વયે હરિયાળા વૃક્ષોની કટોતી થશે!!

**સિકસલેનના પ્રોજેકટ અન્વયે કામગીરી ચાલી રહી છે પરંતુ હજુ સુધી વનતંત્રને દરખાસ્ત સુધ્ધા કરવામાં આવી નથી : સિકસલેનના રૂટમાં આવતા વૃક્ષો પૈકી કેટલાક ભયજનક હાલતમાં**

ગાંધીનગર તા ૧૪

શહેરના ગ માર્ગને સિકસલેન બનાવવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે ગ માર્ગ આસપાસ પણ હરિયાળા વૃક્ષોની વનરાજી છે. ત્યારે સિકસલેનના આ પ્રોજેકટ અન્વયે હરિયાળા વૃક્ષોની કટોતી ન થાય તેવી લાગણી પણ નાગરિકોમાં પ્રબળ બની છે. જો કે ગ માર્ગ પર ભયજનક વૃક્ષોની સંખ્યા પણ વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે આ મામલે હજુ સુધી વનતંત્ર પાસેથી પણ કોઈ પરવાનગી લેવામાં આવી નથી.

શહેરમાં ખ માર્ગ બાદ હાલ ગ માર્ગને વાઈડનીંગ કરવાનુ કામ ચાલી રહ્યુ છે. જેમાં વરસાદી દિવસોને ધ્યાને લઈ માર્ગની આસપાસ ખોદકામ તેમજ ફુટપાથ દુર કરવા માટે પણ તંત્ર કામે લાગ્યુ છે. ખોદકામ બાદ માર્ગને યોગ્ય રીતે વાઈડનીંગ કરવા માટે વરસાદી દિવસોના અંતે ડામર કામ પણ શરૂ કરાશે. નગરમાં વિકાસના નામે



અત્યાર સુધી અનેક ઠેકાણે હરિયાળીનુ નિકંદન વળ્યુ છે. ચિલોડા સરખેજ માર્ગને અનુલક્ષીને પણ સેંકડો વૃક્ષોની કટોતી કરવામાં આવી છે. જો કે પર્યાવરણ પ્રેમીઓના વિરોધ બાદ વૃક્ષોની કટોતી કરવામાં પણ તંત્રએ થોડી બ્રેક લગાવી દીધી હતી જયારે આ રૂટમાં ઘણાં ખરા વૃક્ષોને પણ બચાવી લેવાયા છે. પરંતુ શહેરમાં માર્ગ સુધારણા ,વાઈડનીંગ સહીત નવા બિલ્ડીંગો બાંધવાના નતનવા કામો પણ સમયાંતરે હાથ ધરવામાં આવે છે. ત્યારે સેકટરોના આંતરિક વિસ્તાર અને મુખ્યમાર્ગો આસપાસ સ્થિત હરિયાળા વૃક્ષો સામે ખતરો મંડરાય છે. નગરજનો પણ હવે હરિયાળા વૃક્ષોની કટોતી મામલે વધુ સજાગ બની ગયા છે. હરિયાળીના ભોગે વિકાસ કરવાનુ નાગરિકોન પસંદ નથી. હવે તો સેકટરવાસીઓ વધુ વૃક્ષોની વાવણી અને ઉછેર માટે કામે લાગ્યા છે. ત્યારે શહેરમાં હાથ ધરાતા વિકાસના પ્રોજેકટમાં પણ એકપણ વૃક્ષ લાકડાભેગુ ન થાય તે મામલે સ્થાનિકો પુરતા સજાગ છે. નગરમાં હાલ ગ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી ચાલી રહી છે. જયારે ગ માર્ગ પર વર્ષો પુર્વે સંખ્યાબંધ વૃક્ષો જોવા મળી રહ્યા છે. ત્યારે હાલ આ રૂટમાં જોખમી વૃક્ષોની સંખ્યા પણ વધુ હોવાનુ મનાઈ રહ્યુ છે. આવા સંજોગોમાં હજુ સુધી સિકસલેનના પ્રોજેકટ અન્વયે કોર્પોરેશન દ્વારા વૃક્ષોની કટોતી મામલે વનતંત્રને દરખાસ્ત પણ કરવામાં આવી નથી અલબત્ત ગ માર્ગને સિકસલેન કરવાના પ્રોજેકટ અન્વયે કેટલા વૃક્ષોની કટોતી થશે તે હજુ સ્પષ્ટ નથી ત્યારે ગ માર્ગને સિકસલેન બનાવવાની યોજના અન્વયે હરિયાળા વૃક્ષોની કટોતી ન થાય તેમ પણ સ્થાનિક નાગરિકો ઈચ્છી રહ્યા છે.

## હળદર-આદુમાંથી દવા બનાવી ખેડૂતો નવી આવક મેળવતા થયા

**ગ્રેજ્યુએટ-ઉદ્યોગપતિઓ સહિત ઘણા ખેડૂતો હળદર અને આદુના પાકમાંથી પ્રોડક્ટ બનાવી આવક મેળવે છે**

ગાંધીનગર, તા. ૧૪

જીવલેણ કોરોના વાયરસ સામેની લડાઈમાં હર્બલ પ્રોડક્ટ મદદ કરતી હોવાનું ડોક્ટરોનું કહેવું છે, ત્યારે છેલ્લા ૩ મહિનામાં તેની માગમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. તો બીજી તરફ તેનું ઉત્પાદન કરતાં ખેડૂતો પણ લાખો રૂપિયાની કમાણી કરી રહ્યા છે. ગ્રેજ્યુએટ અને ઉદ્યોગપતિઓ સહિત ઘણા ખેડૂતો હળદર અને આદુના પાકમાંથી પોતાની પ્રોડક્ટ બનાવીને આવકને બમણી અને ત્રણ ગણી કરી રહ્યા છે. નોકરી કરવાના બદલે 'ધરતીપુત્ર' બનવાનું પસંદ કરનારૈ ગ્રેજ્યુએટ દેવેશ પટેલે હમણા જ પોતાની બ્રાન્ડ લોન્ચ કરી છે. જેના હેઠળ તેઓ આણંદ જિલ્લાના બોરીયાવી ગામમાં ૩૫ વીઘા જમીનમાં ઉગતી ઓર્ગેનિક હળદર અને આદુમાંથી કૅપ્સ્યૂલ્સ, પાઉડર અને અથાણું બનાવે છે. તેઓ પહેલાથી જ ગુજરાતના મુખ્ય બજારોના રિટેલ સ્ટોર્સમાં, મુંબઈ જેવા મહાનગરોમાં તેમજ 'ખાદી ગ્રામ ઉદ્યોગમાં પણ પોતાની ઓર્ગેનિક પ્રોડક્ટ મોકલીને વર્ષે ૩૦ લાખથી ૪૦ લાખ રૂપિયાની કમાણી કરી રહ્યા હતા. હવે તેમની વાર્ષિક આવક ત્રણ ગણી એટલે કે ૧.૫ કરોડ થઈ ગઈ છે. 'કોરોના વાયરસ મહામારીના કારણે હળદરમાંથી કૅપ્સ્યૂલ્સ બનાવવાનું નક્કી કર્યું. હળદરને પાણી સાથે મિક્સ કરીને તેનું સેવન કરવામાં આવે તો પરિણામ ૪૫ દિવસ પછી જોવા મળે છે, જ્યારે દૂધ સાથે તેનું સેવન કરવામાં આવે તો પરિણામ અઠવાડિયા બાદ મળે છે. જ્યારે કૅપ્સ્યૂલ્સની અસર તરત જ દેખાય છે. થર્ડ-પાર્ટી પેકેજિંગ હેઠળ તેઓ હવે આ કૅપ્સ્યૂલ્સને વેચવા માટે અમેરિકાના લોકો સાથે ટાઈ-અપ કરવાનું વિચારી રહ્યા છે. 'હું વર્ષે ૧૫ લાખ સૂકી હળદર અને આદુ ઉગાડુ છું, જે પાછળથી ડિહાઈડ્રેટ થઈ જાય છે તેમ ૩૮ વર્ષના દેવેશ પટેલે કહ્યું. જેમણે મહામારી બાદ પોતાનું ધ્યાન ન્યુટ્રાસ્યુટીકલ્સ તરફ કેન્દ્રિત કર્યું છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com